**વન ચેતના, ગાંધીનગર ખાતેના રેસ્ટ હાઉસના ભાડાના દર નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: FED/MSM/e-file/6/2024/0462/D
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧)અગ્ર મુખ્ય વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા શાખા, અરણ્ય ભવન, ગાંધીનગરના તા.૩૦/૦૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક:પરચ/૩૬-૧/૩૭૩/૨૦૨૩-૨૪

**પ્રસ્તાવના:**

વન અને પર્યાવરણ વિભાગ હસ્તકની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરી હેઠળની ગાંધીનગર વન વર્તુળ કચેરી હસ્તકના વન ચેતના કેન્દ્ર, ગાંધીનગર ખાતે આવેલ નવીન રેસ્ટ હાઉસ, પેલીકન અને ટાઇગર ડેન નામના રૂમોના રહેવા માટેના દરો નિયત કરવા અગ્ર મુખ્ય વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા શાખાના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક-(૧)થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને ધ્યાને લઇને વન ચેતના કેન્દ્ર, ગાંધીનગર ખાતે આવેલ નવીન રેસ્ટ હાઉસ, પેલીકન અને ટાઇગર ડેન નામના રૂમોના રહેવા માટેના દરો નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ ગાંધીનગર વન વર્તુળ કચેરી હસ્તકના વન ચેતના કેન્દ્ર, ગાંધીનગર ખાતે આવેલ નવીન રેસ્ટ હાઉસ, પેલીકન અને ટાઇગર ડેન નામના રૂમોના રહેવા માટેના દરો નિયત કરવાનો નિર્ણય કરેલ છે.

૨. ઉપર્યુક્ત ગૃહોમાં આરક્ષણ અંગેની કામગીરી નાયબ વન સંરક્ષક, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

૩. તમામ સરકારી અધિકારી/કર્મચારીઓ અને ખાનગી વ્યક્તિઓએ ગૃહોમાં તેઓના આગમન અને પ્રસ્થાન અંગે સંબંધિત ગૃહો ખાતે નિભાવવામાં આવતો રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવાની રહેશે અને જરૂરી ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૪. આ દરોમાં પ્રતિવર્ષ ૧૦% (દસ ટકા) નો વધારો કરી, અને તે દરે અમલ કરવાનો રહેશે. (નજીકના રૂપિયા પાંચની ગણતરીમાં) આ ઠરાવ ફેબ્રુઆરી-૨૦૨૫ માં બહાર પાડવામાં આવે છે તેથી આગામી નાણાકીય વર્ષ.૨૦૨૫-૨૬ માં આ દરો યથાવત રાખીને તા.૦૧/૦૪/૨૦૨૬ થી આ પ્રકારના દરોમાં વધારો લાગુ પાડવાનો રહેશે. આ પ્રમાણેનાં વધારાનાં દરો નિયત કરવાની કામગીરી અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરી, ગાંધીનગર દ્વારા મુખ્ય વન સંરક્ષક,

FORESTS & ENVIRONMENT DEPT. GOVT OF GUJARAT GANDHINAGAR

ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગર અને નાયબ વન સંરક્ષક, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર સાથેના પરામર્શથી કરવાની રહેશે અને નિયત સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરીને તેની જાણ સંબધિત તમામને કરવાની રહેશે.

૫. આ હુકમો ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તા.૩૧/૦૧/૨૦૨૫ની તેમજ સરકારશ્રીની તા.૦૬/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવન ભાવસાર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

બિડાણ:એનેક્ષર-૧

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક.મંત્રીશ્રી(વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણાં વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે અગ્ર મુખ્ય વન સંરક્ષક / અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક / મુખ્ય વન સંરક્ષક / વન સંરક્ષક / નાયબ વન સંરક્ષક (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી મારફત).
- મુખ્ય વન સંરક્ષક, ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગર.
- નાયબ વન સંરક્ષક, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધિ સારુ.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઈલ-૨૦૨૫.
- શાખા પસંદગી ફાઈલ-૨૦૨૫.

ENVIRONMENT DEP
GOVT OF GUJARAT

વન અને પર્યાવરણ વિભાગના તા.૧૮/૦૨/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: **FED/MSM/e-file/6/2024/0462/D** નું બિડાણ

**પરિશિષ્ટ–૧**

**નવીન ફૉરેસ્ટ રેસ્ટ હઉસ, પેલીકન, ટાઈગર ડેન ખાતેના રૂમમાં રોકાણ– આરક્ષણ અર્થે દરો**

| અ.નં. | ગૃહની કક્ષા | એક દિવસ રહેવાના દર (રૂપિયામાં) સરકારીહાઉસ, ગાંધીનગરના નિયત થયેલ દરો | |
|---|---|---|---|
| | | એ.સી .રૂમ | નોન એ.સી રૂમ |
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | નવીન ફૉરેસ્ટ રેસ્ટ હાઉસ, પેલીકન, ટાઈગર ડેન ખાતેના રૂમ | | |
| **(અ)** | **સરકારી અધિકારી / કર્મચારી ફરજ પર** | | |
| (i) | અધિકારી/ કર્મચારી માટે | | |
| | (અ)સિંગલ ઓક્યુપન્સી | ૨૧૫ | ૧૦૦ |
| | (બ)ડબલ ઓક્યુપન્સી | ૧૭૫ | ૯૦ |
| (ii) | કુટુંબના પ્રત્યેક વધારાના સભ્ય માટે | ૯૦ | ૮૦ |
| (iii) | એકજ રૂમમાં રહેતા કુટુંબના સભ્યોપાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | ૨૮૫ | ૧૭૫ |
| **(બ)** | **સરકારી અધિકારી / કર્મચારી બિનફરજ પર** | | |
| (i) | પ્રથમ ૧૦ દિવસ માટે | | |
| | – અધિકારી/કર્મચારી પોતાના માટે | | |
| | (અ) સિંગલ ઓક્યુપેન્સી | ૩૨૫ | ૧૭૫ |
| | (બ) ડબલ ઓક્યુપેન્સી | ૨૧૫ | ૧૨૦ |
| (ii) | કુટુમ્બના પ્રત્યેક વધારાના સભ્યમાટે | ૧૨૦ | ૯૦ |
| (iii) | એક જ રૂમમાં રહેતા કુટુંબના સભ્યો પાસેથી લેવાનો વધુમાં વધુ દર | ૫૩૫ | ૨૮૫ |
| | ૧૦ દિવસ બાદ: | | |
| (iv) | દરેક સભ્ય માટે | ૩૯૦ | ૨૦૫ |
| (v) | એકજ રૂમમાં રહેતા કુટુમ્બનાં સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | ૭૮૫ | ૫૬૦ |
| **(ક)** | **ખાનગી વ્યક્તિઓ** | | |
| (અ) | સિંગલ બેડ રૂમ | | |
| | (અ) સિંગલ ઓક્યુપન્સી | ૧૯૬૦ | ૧૨૮૦ |
| | (બ) ડબલ ઓક્યુપન્સી | ૨૫૮૦ | ૧૭૩૦ |
| (બ) | ડબલ બેડ રૂમ | | |
| | (અ) સિંગલ ઓક્યુપન્સી | ૨૫૪૦ | ૧૭૫૫ |
| | (બ)ડબલ ઓક્યુપન્સી | ૨૭૮૫ | ૧૯૫૫ |
| (ક) | કુટુંબના બે કરતા વધારાના પ્રત્યેક સભ્ય માટે | ૯૧૦ | ૫૭૫ |

(ભાવન ભાવસાર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

FORESTS & ENVIRONMENT DEPT. GOVT OF GUJARAT GANDHINAGAR

**શરતો:-**

| | |
|---|---|
| ૧. | તમામ સરકારી અધિકારી/કર્મચારીઓ અને ખાનગી વ્યકિતઓએ ગૃહોમાં તેઓના આગમન અને પ્રસ્થાન અંગે સંબધિત ગૃહો ખાતે નિભાવવામાં આવતા રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવાની રહેશે અને જરૂરી સરકારી ઓળખપત્ર રજુ કરવાનું રહેશે. |
| ૨. | રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારીઓ પણ આ ગૃહો ખાતે આરક્ષણ મેળવી શકશે અને તે માટે નીચે મુજબ ચાર્જ વસુલવામાં આવશે.<br>જાહેર સાહસોના અધિકારીઓ રાજ્ય સરકારના અધિકારીઓ જેટલું દૈનિક ભથ્થું મેળવતા હોય તો તેઓ પાસેથી રાજ્ય સરકારના અધિકારીઓ જેટલો ચાર્જ વસુલ લેવાનો રહેશે. જો તેઓ વધુ દૈનિક ભથ્થું મેળવતા હોય તો તેમનો ચાર્જ ૩૦% વધુ થશે. |
| ૩. | નિયત થયેલ દરોમાં પ્રતિવર્ષ ૧૦% (દસ ટકા) નો વધારો કરી, અને તે દરે અમલ કરવાનો રહેશે. (નજીકના રૂપિયા પાંચની ગણતરીમાં). આ પ્રમાણેનાં વધારાનાં દરો નિયત કરવાની કામગીરી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક (વિકાસ અને વ્યવસ્થાપન), ગાંધીનગર દ્વારા મુખ્ય વન સંરક્ષક, ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગર અને નાયબ વન સંરક્ષક, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર વિભાગનાં પરામર્શમાં કરવાની રહેશે અને નિયત સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરીને તેની જાણ સંબધિત તમામને કરવાની રહેશે. |
| ૪. | સરકારી અધિકારી / કર્મચારી ફરજ પરના ૦૪ (ચાર) કલાક કરતાં વધારે ન હોય તેવા રોકાણ માટે તેમને કોઇ ચાર્જ ચૂકવવાનો રહેશે નહિ. ૧૨ કલાક કરતાં ઓછા રોકાણ માટે અડધા દરે ચાર્જ લેવાનો રહેશે. ૧૨ કલાક કરતાં વધુ અને ૨૪ કલાક સુધીના રોકાણ માટે પૂરા દરે ચાર્જ લેવાનો રહેશે. |
| ૫. | સરકારી અધિકારી / કર્મચારી જ્યારે બિન ફરજ પર હોય તે દરમિયાન ૪ કલાક કરતા વધુ સમય માટે રહે તો પૂરા દરે અને ૪ કલાક કરતાં ઓછા સમય માટે રહે તો નક્કી કરેલા ચાર્જના ૫૦% ચાર્જ લેવાનો રહેશે. |
| ૬. | નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓને ફકત ૦૬ (છ) દિવસ માટે રાજ્યના બિન ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીઓની જેમ ઉતારો આપી શકાશે તેમ છતાં નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારી જો કોઇ જાતનો વેપાર ધંધો કરતા હોય તો તેમને બિન સરકારી કે ખાનગી વ્યકિત સમકક્ષ ગણીને ચાર્જ વસુલવાના રહેશે. |
| ૭. | બાળકો માટે નીચે મુજબ રહેવાનો ચાર્જ લેવાનો રહેશે. |

| | ઉંમર | દર |
|---|---|---|
| (અ) | ૧૨ વર્ષથી નીચેના | ચાર્જ નથી. |
| (બ) | ૧૨ વર્ષ કરતાં વધુ ઉંમરના | પૂરો ચાર્જ |

| | |
|---|---|
| ૮. | એ.સી/હીટરની સુવિધાવાળા રૂમો ફાળવવામાં આવે ત્યારે એ.સી./હીટરનો ઉપયોગ કરે કે ન કરે તો પણ તે રૂમના નિયત ચાર્જીસ વસુલવાના રહેશે. |
| ૯. | સંબંધિત વ્યકિત દ્વારા જે જે જગ્યાએ લાગુ પડતો હોય ત્યાં લકઝરી ટેક્ષ ચુકવવાનો રહેશે. |
| ૧૦. | આ ગૃહ ખાતે રોકાણ અર્થેના બુકીંગની કામગીરી નાયબ વન સંરક્ષક, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગરની કચેરી ખાતેથી કરવાની રહેશે. |

(ભાવન ભાવસાર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

FORESTS & ENVIRONMENT DEPT. GOVT OF GUJARAT GANDHINAGAR